મોનસૂનની કેરળમાં એન્ટ્રી

નવી દિલ્હી,તા.૫

કૃષિ ઉપર આધારિત ભારતીય અર્થતંત્ર માટે લાઇફલાઇન સમાન ગણાતા દક્ષિણ પશ્ચિમ મોનસુનની આજે કેરળમાં એન્ટ્રી થતા ખેડૂત વર્ગમાં ખુશીનો મોજુ ફરી વળ્યુ હતુ. મોનસુનની એન્ટ્રી થવાની સાથે જ ટ્રિલિયન ડોલરના ભારતીય અર્થતંત્રમાં પણ નવા પ્રાણ ફુંકાવાના સંકેત દેખાઈ રહ્યા છે. ભારતીય હવામાન વિભાગના એક ટોચના અધિકારીએ માહિતી આપતા કહ્યુ હતુ કે કેરળમાં મોનસુનની એન્ટ્રી થઈ ગઈ છે અને હળવો વરસાદ થયો છે. કેરળના દરિકાઠાના વિસ્તારોમાં વરસાદની એન્ટ્રી થયા બાદ હવે દેશના પશ્ચિમી દરિયાકાઠાના વિસ્તારોમા મોનસુન આગળ વધશે. મુંબઈમાં આગામી ત્રણ દિવસમાં મોનસુન પહોંચે તેવી શકયતા છે. રાજસ્થાનમાં સૌથી મોડેથી વરસાદની વાત કરવામા આવતા રાજયના ખેડૂતો માટે નિરાશાજનક સમાચાર છે. મોટાભાગે દેશમા સામાન્ય વરસાદ પડવાની આગાહી કરવામા આવતે એકંદરે ખુશીનુ મોજુ ફરી વળ્યુ છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ મોનસુને ચાર દિવસ મોડેથી દક્ષિણ પશ્ચિમ દરિયાકાઠા પર એન્ટ્રી કરી છે. ભારતીય હવામાન

વિભાગના અધિકારી બીપી યાદવે સમાચાર સંસ્થાને જણાવ્યુ છે કે મોનસુન કરેળ પહોંચ્યા બાદ હવે દેશના પશ્ચિમિ દરિયાકાઠા તરફ આગળ વધશે. આજે હળવો વરસાદ પડ્યો છે. પરંતુ હવે આ વરસાદનો દોર યથાવત રીતે જારી રહેશે. તેમણે કહ્યુ છે કે આ વર્ષે મોનસુનના વરસાદની સમીક્ષા ૨૫મી જૂનના દિવસે કરવામા આવશે. એ વખતે મોનસુનથી દેશને અડધાથી વધુ ભાગોમાં વરસાદ થશે. ભારતના ચાર મહિના સુધી મોનસુન સક્રિય રહે છે. દરવર્ષે પહેલી જૂનથી દક્ષિણ પશ્ચિમ વિસ્તારોમા મોનસુનની એન્ટ્રી થાય છે. જ્યારે સપ્ટેમ્બર મહીના સુધી વરસાદ પડે છે. જુલાઈના મધ્ય સુધી મોનસુન દેશના અન્ય વિસ્તારોમાં અને ભારતના પડોશી દેશોમાં પહોંચે છે. આ વર્ષે પણ સતત ત્રીજા વર્ષે સામાન્ય અને સરેરાશ વરસાદની આગાહી કરવામા આવી છે. ગયા વર્ષે હવામાન વિભાગે ૩૧મી મે સુધી મોનસુન પહોચવાની આગાહી કરવામા આવી હતી. પરંતુ બે દિવસ પહેલા વરસાદની શરૂઆત થઈ ગઈ છે. મળેલી માહિતી મુજબ કેરળમાં સામાન્ય રીતે પહેલી જૂનથી વરસાદ શરૂ થાય છે.હજુ સુધી મોનસુનની સ્થિતિ ખૂબ જ આદર્શ દેખાઈ રહી છે. કેરણ અને દક્ષિણી કર્નાટકના હિસ્સામાં આગામી બે દિવસ સુધી વરસાદ પહોંચી જશે. મોનસુન અન્ય વિસ્તારોમાં વધવાની સ્થિતિ સાનુકૂળ છે. મવાર વાવાઝોડુ ફિલીપાઈન્સના દરિયાકાંઠા ઉપર પ્રશાંત દરિયામાં સક્રિય છે. ભારતીય હવામાન વિભાગે કહ્યુ છે કે રાજય અને લક્ષ્વદીપમાં પણ હવે ટુકમા વરસાદની એન્ટ્રી થશે. દરમ્યાન મુંબઈમાં ત્રણ દિવસમાં વરસાદની એન્ટ્રી થવાની સંભાવના છે. જ્યારે અન્ય રાજ્યોમાં ત્યાર બાદ એન્ટ્રી થશે. ગુજરાતમાં ૨૦મી જૂનની આસપાસ મોનસુન એન્ટ્રી કરે તેવી સંભાવના વ્યક્ત કરવામા આવી રહી છે. દરમ્યાન રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં આજે વાતવરણ રંગીન બની ગયુ હતુ. મોનસુનની કેરળમં એન્ટ્રી થઈ છે તેવી હવામાન વિભાગે જાહેરાત કર્યા ના કલાકો બાદ જ દિલ્હીના ઘણા ભાગોમાં હળવો વરસાદ થયો હતો. દિલ્હીમાં આ મહિનાના અંત સુધી ચોમાસુ બેસે તેવી શકયતા છે. જો કે કાળઝાળ ગરમી વચ્ચે આજે દિલ્હીના લોકોને આંશિક રાહત થઈ હતી. આગામી થોડા દિવસો સુધી દિલ્હીમાં હળવો વરસાદ જારી રહે તેવી શકયતા છે.

કોંગ્રેસ ડિમ્પલ યાદવ સામે પોતાના કોઈ ઉમેદવારને ચૂંટણીના મેદાનમાં નહી ઉતારે

નવી દિલ્હી,તા.૫

કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટી વચ્ચેના સંબંધો દિન પ્રતિદિન મજબૂત બની રહ્યા છે. આના ભાગરૂપે કોંગ્રેસે ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી અખિલેશ યાદવના પત્ની ડિમ્પલ યાદવ સામે પોતાના કોઈ ઉમેદવારને કન્નોજ લોકસભાની પેટાચૂંટણીમા મેદાનમાં નહી ઉતારવાનો નિર્ણય કર્યો છે. પક્ષના જનરલ સેક્રેટરી દિગ્વિજય સિંહે કહ્યુ હતુ કે અમે વર્ષ ૨૦૦૯ની લોકસભા ચૂંટણીમાં આ બેઠકની પેટાચૂંટણી લડીશુ નહી.તેમણે ઉમેર્યુ હતુ કે કન્નોજ ઉપરાંત પાર્ટી મેનપુરીમાંથી પણ કોઈ ઉમેદવારને મેદાનમા નહી ઉતારવાનો નિર્ણય કર્યો છે. મેનપુરીમાથી મુલાયમસિંહ યાદવે ચૂટંણી લડી હતી. ૨૪મી જૂનના દિવસે પેટાચૂટણી યોજાનાર છે. વિધાન પરિષદમાં તેમની ચૂટણી થયા બાદ અખિલેશ યાદવના રાજીનામા બાદ અહીં પેટાચૂટણી

જરૂરી બની છે. દરમ્યાન ડિમ્પલયાદવે કન્નોજ લોકસભા પેટાચૂંટણી બેઠક માટે તેમના ઉમેદવારી પત્રો ધડ્યા હતા. અત્રે ઉલ્લેખનયી છે કે રાજબ્બરે અગાઉ પેટાચૂટણીમા જીત મેળવી હતી. ડિમ્પલ સામે કોંગ્રેસના મહામંત્રી રાહુલગાંધીએ અગાઉ પ્રચાર કર્યો હતો. કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટી તાજેતરના દિવસોમાં સંબંધો મજબૂત કરવામા છે. યૂપીએની ગયા મહિનામાં ત્રીજી વર્ષગાંઠના સંબંધે આયોજિત ડિનરપાર્ટીમાં પણ સપાના વડા મુલાયમસિંહ યાદવ ઉપસ્થિત રહ્યા હતા. તૃણમુલ કોંગ્રેસ સાથે યૂપીએના સંબંધ ખરાબ થઈ રહ્યા છે ત્યારે મુલાયમ નજીક જવાના પ્રયાસ કરી રહ્યા છે. મુલાયમે આ પાર્ટીમાં રાષ્ટ્રપતિની ચૂટણીમા કોંગ્રેસના ઉમેદવારને ટેકો આપવાની વાત કરી હતી.

સોનામાં સતત બીજા દિવસે થયેલો વધારો

નવી દિલ્હી,તા.૫

બુલિયન બજારમાં આજે તેજી જોવા મળી હતી. શેરબજારમાં ફ્લેટ સ્થિતિ રહી હતી. પરંતુ સોના ચાંદીમાં માંગ જોવા મળી હતી. આજે ચાંદીના ભાવમાં ૨૦૦ રૂપિયાનો અને સોનાના ભાવામાં ૭૦ રૂપિયાનો વધારો નોંધાયો હતો. અમદાવાદ બુલિયન બજારથી પ્રાપ્ત અહેવાલ મુજબ ચાંદીનો ભાવ ૫૩૫૦૦થી ૫૩૮૦૦ વચ્ચે રહ્યો હતો જેથી તેમા સુધારો થયો હતો. આવી જ રીતે સોનાની કિંમત ૩૦ હજારથી ઉપર રહી હતી. કારોબારના અંતે સોનાનો ભાવ ૩૦૧૨૦થી ૩૦૧૭૫ રહ્યો હતો. જેથી તેમા પણ ૭૦ રૂપિયાનો વધારો નોંધાયો હતો. બુલિયન બજારમાં તેજી માટે કેટલાક પરિબળોને જવાબદાર ગણવામા આવે છે એક બાજુ રૂપિયાની સ્થિતિમાં ફરી વાર સુધારો થઈ રહ્યો છે. ગઈકાલે સોનામાં ૧૦૬૦ રૂપિયાનો તોતિંગ વધારો થયા બાદ સતત બીજા દિવસે સોનાની કિંમતમાં વધારો થયો હતો. બીજી બાજુ નવી દિલ્હીથી પ્રાપ્ત અહેવાલ મુજબ સોનાની કિંમતમા રૂપિયા ૧૦૦ ઘટાડો થતા કિંમત પ્રતિ દસગ્રામ ૩૦૨૦૦ નોંધાયો હતો. નબળા વૈશ્વિક બજારની અસર જોવા મળી હતી. જ્યારે ચાંદીમાં ૫૦ રૂપિયાનો ઘટાડો થતા તેની કિંમત ૫૪૩૦૦ બોલાઈ હતી. સ્થાનિક મોરચે ૯૯.૯૯ અને ૯૯.૫ ખ્યુરેટી સોનાની કિંમતમાં ઉથલપાથલ જોવા મળી હતી. ચાંદીના સિક્કામા નકરાત્મક સ્થિતિ રહી હતી.

યુવરાજ સિંહ ટૂંક સમયમાં જ ક્રિકેટના મેદાનમાં ઉતરવા માટે તૈયાર

નવી દિલ્હી,તા.૫

વર્ષ ૨૦૧૧ના વર્લ્ડકપમાં પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ બનેલા અને હાલમાં જીવલેણ કેન્સર સામે જંગ જીતનાર સ્ટાર ખેલાડી યુવરાજસિંહના ચાહકો માટે ખૂબ સારા સમાચાર છે.

મળેલી માહિતી મુજબ યુવરાજસિંહ ટુંક સમયમાં જ ક્રિકેટના મેદાન ઉપર ઉતરવા માટે તૈયાર છે. નવેસરના તેના છાતીના સીટી સ્કેનમાં જાણવા મળ્યું છે કે તેના ફેફસાની નજીકના ચિંતા ઉપજાવે તેવા ટીસ્યુ લગભગ ખતમ થઈ ગયા છે. ક્રિકેટરોના નજીકના સૂત્રોએ કહ્યું છે કે સ્કેન રિપોર્ટ સોમવારે સવારે આવ્યો હતો અને સમગ્ર પરિવારમાં ખુશીનું મોજું ફરી વળ્યું હતું. અમેરિકામાં ત્રણ મહિના અગાઉ ડૉ. ઈયોન હોર્ન દ્વારા પણ આવા જ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. હવે આ જ તબીબે નવેસરના સીટી સ્કેન કર્યા છે. નવેસરના સીટી સ્કેનમાં ઉલ્લેખનીય સુધારો થયો છે. યુવરાજે ગયા સપ્તાહમાં નેશનલ ક્રિકેટ એકેડમીમાં પાંચ દિવસ ગાળ્યા હતા

જ્યાં ક્રિકેટ બોર્ડની મેડીકલ ટીમ દ્વારા તેની ફિટનેશ ઉપર નજર રાખવામાં આવી હતી. યુવરાજસિંહ વધુ ફિટનેશ ટ્રીલ માટે એનસીએમાં ફરી સામેલ થાય તેવી શક્યતા છે. વધુ સારી બાબત એ છે કે તે બેટીંગની શરૂઆત પણ કરી ચૂક્યો છે. ઈશાન શર્મા સામે તે બેટિંગ પણ કરી ચૂક્યો છે. એનસીએમાં ફિટનેશ ટ્રીલમાં ઈશાંત શર્માએ પણ ભાગ લીધો હતો. સૂત્રોનું કહેવું છે કે યુવરાજ બેટિંગ અને બોલિંગ બંને કરવા લાગી ગયો છે. ઈશાંતની બોલિંગમાં યુવરાજે પ્રેક્ટીસ દરમિયાન સાત છગ્ગા પણ ફટકાર્યા હતા. તેની સારવાર બાદ યુવરાજ પ્રથમ મેચ રમ્યો હતો. હવે તે ખૂબ સ્વસ્થ અનુભવ કરી રહ્યો છે અને ભારત માટે ટૂંકમાં જ રમવા માટે આશાવાદી છે. અત્રે ઉલ્લેખનીય છે કે યુવરાજ નિયમિત પણે યોગા સેશનમાં પણ ભાગ લઈ રહ્યો છે. જીમમાં પણ સખત પરિશ્રમ કરી રહ્યો છે. તે સંપૂર્ણ ફિટનેશ મેળવી લેવાની નજક પહોંચી ગયો છે. મહિનાના સમયમાં તે સંપૂર્ણપણે સ્વસ્થ થઈ જશે.

નવી વિદેશ વેપાર નીતિની આખરે જાહેરાત

નવી દિલ્હી,તા.૫

વાણિજય પ્રધાન આનંદ શર્માએ આજે વિદેશ વેપાર નીતિ ૨૦૧૨-૧૩ની જાહેરાત કરી હતી. સરકારે આંતરરાષ્ટ્રીય સંકટ વચ્ચે સાત પાંખીય વ્યુહરચનાની જાહેરાત કરી હતી. જેમાં સબસીડીના દરે લોન અને અન્ય રાહતોનો સમાવેશ થાય છે. નિકાસને પ્રત્સાહન આપવા માટે વિવિધ જાહેરાતો કરવામાં આવી હતી. નવી નીતિ હેઠળ સરકારે હેન્ડલૂમ, હેન્ડીક્રાફ્ટ, કારપેટ નિકાસ માટે ૨ ટકાની વ્યાજ છુટછાટ એક વર્ષ વધારી દિધી છે. આ ઉપરાંત રેડીમેડ વસ્ત્રો, રમકડાઓની નિકાસ ઉપર પણ ૨ ટકા વ્યાજ રાહતની સ્કિમ લાગુ રહેશે. પ્રોસેસ્ડ ફાર્મ પ્રોડક્ટની નિકાસ ઉપર પણ વ્યાજ છુટછાટ જારી રહેશે. સરકારે કેપીટલ ગુડ્સ નિકાસ પર ઝીરો ડ્યૂટી ઈપીસીજી સ્કિમની અવધી એક વર્ષ વધારી માર્ચ ૨૦૧૩ કરી દિધી છે. અમેરિકા અને યુરો ઝોનમાં મોકલવામાં આવતા વસ્ત્રોની નિકાસ પર રાહત ૩૧ માર્ચ સુધી વધારી દેવામાં આવી છે. સરકારે કહ્યું છે કે ઉત્તર-પૂર્વીય રાજ્યોમાંથી નિકાસને પ્રોત્સાહન આપવામાં આવશે. એસઈઝેડ માટે નવી માર્ગદર્શીકા જારી કરવામાં આવશે. સાથે સાથે ઈપીસીજી સ્કિમમાં વધુ વસ્તુઓ ઝોડવામાં આવશે. પ્રધાન આશા વ્યક્ત કરી હતી કે નિકાસ વર્તમાન નાણાંકિય વર્ષમાં ૨૦ટકા વધશે. નિકાસને પ્રોત્સાહન આપવા સાત મુદ્દાની વ્યુહરચનાના ભાગરૂપે સરકારે માર્ચ ૨૦૧૩ સુધી બેટકા વ્યાજ સબસીડી લંબાવવા ઈન્ડસ્ટ્રીની ચાવીરૂપ માંગ સ્વિકારી લેવામાં આવી છે. તેમણે કહ્યું હતું કે માર્ચ ૨૦૧૩ સુધી વધુ એક વર્ષ માટે આ સ્કિમ લંબાવવાનો નિર્ણય કરવાયો છે. આનંદ શર્માએ

કબુલાત કરી હતી કે આંતરરાષ્ટ્રીય સંકટના પરિણામ સ્વરૂપે આ વર્ષમાં અનેક પડકારો આવશે. ડોલર સામે રૂપિયામાં નબળાઈ ચિંતાનો વિષય છે. મંદી પહેલા જેવી નિકાસની સ્થિતીમાં આવવામાં હજુ સમય લાગશે. નિકાસને વધારો લાવવામાં પણ સમય લાગશે. નાણાંકીય વર્ષ ૨૦૧૨માં નિકાસમાં ૨૦ટકાનો વધારો થયો છે. એન્જિનીયરીંગ એક્સપોર્ટ્સ અથવા તો નિકાસ ૬૦૦૦ કરોડથી વધુની રહી છે. સરકારે વર્ષ ૨૦૧૪ સુધી નિકાસ બે ઘણી કરી ૫૦૦૦ કોરડ સુધીના લક્ષ સુધી લઈ જવા યોજના નક્કી કરી છે. વર્તમાન નાણાકિય વર્ષ દરમિયાન નિકાસ લઘુતમ ૨૦ટકા વધતા નવી આશા જાગી છે. લેટીન અમેરિકા અને આફ્રિકાના બિન પરંપરાગત બજારોમાં નિકાસને પ્રોત્સાહન આપવા ઉપર મુખ્ય ધ્યાન કેન્દ્રીત કરી વાણિજ્યના ઉદ્યોગ પ્રધાને નવા બજાર શોધી કાઢવા ઉપર પણ ધ્યાન કેન્દ્રીત કર્યું છે. પ્રધાને ખાસ કરીને ટેક્ષટાઈલને વેગ આપવાની રજુઆત કરી છે. ટેક્ષટાઈલ અને શ્રમલક્ષી ક્ષેત્રો ઉપર નવી વિદેશ વેપાર નીતિમાં મુખ્ય ધ્યાન કેન્દ્રીત કર્યું છે. યુરોપ અને અમેરિકામાં મંદીની અસરમાંથી બહાર નિકળવા શ્રેણીબદ્ધ પગલા લેવામાં આવ્યા છે. મંદી છતા સરકાર વર્ષ ૨૦૧૧-૧૨માં ૩૦૦ અબજ ડોલરથી નિકાસને વર્ષ ૨૦૧૩-૧૪માં ૫૦૦અબજ ડોલર સુધી લઈ જવાની યોજના ધરાવે છે. નવી નીતિમાં તમામ જુદા જુદા ક્ષેત્રોને મહત્વ અપાયું છે. તેમણે કહ્યું છે કે નવી વેપાર નીતિ હેઠળ ટ્રાન્જેક્સન કોસ્ટ અથવા તો લેવડ દેવડ ખર્ચને ઘટાડવા ઉપર ભાર મુકાયો છે. નીતિનો મુખ્ય ઉદ્દેશ વેપારી ખાદ્યને ઘટાડવાનો છે. સરકારની વેપાર સમજુતી પર યુરો ઝોન સાથે વાતચીત ચાલી રહી છે. ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, કેનેડા જેવા દેશોની સાથે વેપાર સમજુતી કરવા ઉપર પણ ચર્ચા ચાલી રહી છે. આનંદ શર્માએ પાંચ વર્ષની વિદેશ વેપાર નીતિના ભાગરૂપે શીપમેન્ટને પ્રોત્સાહન આપવા ખાસ પહેલ કરી છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે નવા પગલાથી નિકાસ સમુદાયના આત્મવિશ્વાસ વધશે અને નિરાશાજનક ચિત્રમાં સુધારો થશે. સરકારની વૈશ્વિક આર્થીક સ્થિતી પર ચાંપતી નજર છે.

મહારાષ્ટ્ર પેરોલ પર ફરારની યાદીમાં દેશમાં પ્રથમ ક્રમાંકે

મુંબઈ,તા.૫

અન્ય રાજયોની સરખામણીમાં પેરોલ જમ્પર્સની યાદીમાં મહારાષ્ટ્ર ટોપ ઉપર છે. ડબલ મર્ડરના આરોપી વિજય પલાન્ડે અને તેના સાગરિત ધનાજયશિંદેનો પણ આમા સમાવેશ થાય છે. નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરોના જણાવ્યા મુજબ મહારાષ્ટ્રમાં વર્ષ ૨૦૦૭ અને ૨૦૧૧ વચ્ચેના ગાળામાં પેરોલ જમ્પર્સના ૧૪૪૧ કેસો નોધાયા છે. પેરોલ જમ્પીંકના ગુજરાતમાં વર્ષ ૨૦૦૭થી ૨૦૧૧ વચ્ચેના ગાળામાં નોંધાયેલા કેસોની સંખ્યા ૧૬૧ છે. મહારાષ્ટ્ર બાદ આ ગાળામાં પેરોલ જમ્પીંકના કેસો પેરોલમાં સૌથી વધુ ૭૬૪ નોંધાયા છે. જ્યારે પંજાબમાં પણ ઓછા કેસ નોંધાયા છે. ગુનાઓની વાત કરવામાં આવે તો ઉત્તર પ્રદેશનું નામ લોકોના દિલો દિમાંગ ઉપર આવી જાય છે પરંતુ આશ્ચર્યજનક બાબત એ છે કે પોલીસના રેકોર્ડ અલગ વાત કરે છે. મહારાષ્ટ્રમાં પેરોલના ગાળા દરમિયાન ફરાર થઈ ગયેલા શખસો પૈકી ૩૧૦ની ફરી ધરપકડ કરાઈ છે જ્યારે પંજાબમાં ૮૦ની ફરી ધરપકડ કરવામાં આવી છે. ઉત્તર પ્રદેશમાં ફરી ધરપકડ કરવામાં આવેલા શખ્સોની સંખ્યા ૧૪ છે. આરોપીઓને પેરોલ મંજૂર કરવામાં આવ્યા બાદ તેમના પર ચોક્કસપણે નજર રાખવામાં આવે છે પરંતુ ઘણી વખત પેરોલ ઉપર રહેલા શખ્સો ફરાર થઈ જાય છે. કુખ્યાત અને ગંભીર ગુનાઓમાં સામેલ અપરાધીઓને પણ સરળતાથી કોઈ વાધા ન હોય તેવા પ્રમાણપત્ર મળી જાય છે. મહારાષ્ટ્રમાં પલાન્ડે અને શિંદેના કેસની વાત કરવામાં આવે તો જોઈન્ટ કમીશનર ઓફ પોલીસનું કહેવું છે કે તેમની ઊંડી તપાસ ચાલી રહી છે. સીઆઈડી અધિકારીઓનું કહેવું છે કે સંકલનના અભાવ અથવા તો સત્તાવારાઓની બેદરકારીના કારણે પેરોલ પર રહેલા શખ્સો ફરાર થઈ જાય છે. બીજી બાજુ કસ્ટડીમાંથી ફરાર થઈ ગયેલાની વાત કરવામાં આવે તો આ મામલામાં વર્ષ ૨૦૦૭ અને ૧૧ વચ્ચેના ગાળામાં ઉત્તર પ્રદેશમાં ૪૧૭ કેસ બન્યા છે જે પૈકી ૧૪૨ની ફરી ધરપકડ કરવામાં આવી છે. ગુજરાતમાં કસ્ટડીમાંથી ફરાર થયેલા શખ્સોની કુલ સંખ્યા આ ગાળામાં ૧૯૫ નોંધાઈ છે. આ પૈકી ૧૨૯ની ફરી ધરપકડ કરવામાં આવી છે.

ગેંગ રેપ બાદ ટીનેજરને સળગાવી દેવાનો પ્રયાસ

ભોપાલ,તા.૫

ભોપાલ નજીક ૧૫ વર્ષીય કિશોરી પર ગેંગ રેપ કરવામાં આવ્યા બાદ તેને જીવતી સળગાવી દેવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ બનાવમાં ૧૫ વર્ષીય કિશોરી ૯૫ ટકા સુધી દાજી ગઈ છે. અને તે જીવન મરણ વચ્ચે ઝોલા ખાઈ રહી છે. આ કિશોરી હાલ સાગરમાં જિલ્લા હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. આ કિશોરીએ આક્ષેપ કર્યો છે કે બે ટીનેજર સહિત ચાર શખ્સોએ તેના પર ગેંગ રેપ કર્યો હતો. આ ચારેય શખ્સોની ધરપકડ કરી લેવામાં આવી છે. પોલીસ આ કેસમાં ઓનર કિલીંગના પ્રયાસની શક્યતા પણ નીહાળી રહી છે. પોલીસે કહ્યું છે કે સાગર જિલ્લામાં ખુરાઈ પોલીસ સ્ટેશનમાં સોમવારે સવારે એવી માહિતી મળી હતી કે ખજરા હરચંદ ગામની એક ટીનેજને સાગર જિલ્લાની હોસ્પિટલમાં ગંભીર હાલતમાં દાખલ કરવામાં આવી છે.

જગનમોહનની સતત ત્રીજા દિવસે પણ પૂછપરછ કરાઇ

હૈદરાબાદ,તા.૫

સમગ્ર દેશને હચમચાવી નાખનાર અને આંધ્રપ્રદેશના રાજકારણમાં ભારે ચર્ચા જગાવનાર ગેરકાયદે સંપત્તિ કેસના સંબંધમાં આજે સતત ત્રીજા દિવસે વાયએસઆર કોંગ્રેસ પાર્ટીના નેતા વાયએસ

જગનમોહન રેડ્ડીની પૂછપરછ કરવામાં આવી હતી. જગનમોહનની પૂછપરછ વચ્ચે ગેરકાયદે સંપત્તિ કેસમાં પૂછપરછ માટે તેમના બે સાથીઓ સામે પણ આજે સમન્સ જારી કરાવમાં આવ્યા હતા.

સીબીઆઈના અધિકારીઓ ચંચલપુરાની જેલમાંથી કોટી ખાતે તપાસ સંસ્થાની ઓફિસમાં તેમને લઈ ગયા હતા. દરમિયાન કોંગ્રેસના ધારાસભ્યો બી ચંદ્રશેખર રેડ્ડી અને સાક્ષી ટીવીના ડિરેક્ટર એસ રામકૃષ્ણ રેડ્ડી સામે સમન્સ જારી કરવામાં આવ્યું છે. સીબીઆઈ દ્વારા ફટકારવામાં આવેલી નોટીસના જવાબમાં આ બન્ને પણ સીબીઆઈ ઓફિસમાં પહોંચ્યા હતા. ચંદ્રશેખર રેડ્ડી જગનની માલિકીની કંપની પૈકી એકમાં ડિરેક્ટર તરીકે કામ કરી રહ્યા છે. સીબીઆઈ જગનની હાજરીમાં તેમની અને રામકૃષ્ણ રેડ્ડીની પૂછપરછ કરે તેવી શક્યતા છે. સીબીઆઈ હજુ સુધી મુડી રોકાણ અંગે પ્રશ્ન કરી ચુકી છે. ૨૭મી મેના દિવસે સીબીઆઈ દ્વારા જગનમોહનની ધરપકડ કરવામાં આવી હતી. સીબીઆઈએ ગઈકાલે ઈન્ફર્મેશન ટેકનોલોજી પ્રધાન સામે પણ નોટીસ જારી કરી હતી. સીબીઆઈ જગનમોહન સામે સંકજો વધુ મજબુત બનાવી રહી છે. સીબીઆઈ દ્વારા સતત ત્રીજા દિવસે જગનમોહન રેડ્ડીની પૂછપરછ કરવામાં આવી હતી. સીબીઆઈ જગનમોહન રેડ્ડીના પાંચ દિવસના કસ્ટડી મેળવી લીધા બાદ પ્રથમ દિવસથી જ પૂછપરછ કરવાની શરૂઆત કરી ચૂકી છે. ગઈકાલે બીજા દિવસે પણ ચંચલગુડાની સેન્ટ્રલ જેલ નજીક આવેલી ડિરેક્ટર જનરલ ઓફ પ્રીજનની ઓફિસમાં ઓફિસર્સનેસમાં પૂછપરછ કરવામાં આવી હતી. ચંચલગુડાની સેન્ટ્રલ જેલમાં ૨૮મી મે બાદથી જગનમોહન હવા ખાઈ રહ્યા છે. કડાપ્પાના સાંસદ જગનામોહનની પૂછપરછને લઈને ડિરેક્ટર જનરલ ઓફ પોલીસની ઓફિસની આસપાસ સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી ચુકી છે. સીબીઆઈએ અગાઉ સુરક્ષાના આધાર ઉપર રાજભવન રોડ ઉપર દિલખુશ ગેટહાઉસ ખાતે કોટી અથવા તો કેમ્પ ઓફિસમાં જગનમોહનની પૂછપરછ કરવાની યોજનાને પડતી મૂકી હતી. બંને ઓફિસ ખૂબ જ વ્યસ્ત વિસ્તારમાં હોવાના કારણે સીબીઆઈના અધિકારીઓને તકલીફ પડી રહી હતી. આંધ્રપ્રદેશ હાઈકોર્ટે શનિવારના દિવસે જગનમોહનને ત્રીજી જૂનથી સાતમી જૂન દરમિયાન પાંચ દિવસની કસ્ટડીમાં મોકલી દીધા હતા.

અંતે નૌકા સેના વડા તરીકે જોશીના નામને લીલી ઝંડી

નવી દિલ્હી,તા.૫

હાલમાં વેસ્ટર્ન નેવલ કમાન્ડમાં વડા તરીકે ફરજ બજાવી રહેલા વાઈસ એડમિરલ ડીકે જોશીની નૌકા સેનાના વડા તરીકે નિમણુંક કરવાનો માર્ગ મોકળો થઈ ગયો છે. સરકારે આજે નૌકા સેનાના વડા તરીકે ડીકે જોશીની નિમણુંકને લીલીઝંડી આપી હતી. એડમિરલ નિર્મલ વર્મા ૩૧મી ઓગસ્ટના દિવસે નિમણુંક થઈ રહ્યા છે. વાઈસ એડમિરલ જોશી એન્ટી સબમરીન વોરફેરમાં સ્પેશ્યાલિસ્ટ છે. એડમિરલ જોશીએ ગયાવર્ષે મે મહિનામાં વેસ્ટર્ન નેવલ કમાન્ડના કમાન્ડર તરીકે જવાબદારી સંભાળી હતી. વાઈસ એડમિરલ જોશી ભુતકાળમાં અંદામાન અને નિકોબાર દ્વિપ કમાન્ડમાં પણ નેતૃત્વ કરી ચુક્યા છે. તેઓ ગાઈડેલ મિસાઈલનું નેતૃત્વ પણ કરી ચુક્યા છે. તેમને લાંબી કારકિર્દી દરમિયાન જોશી દેશના શક્તિશાળી એરક્રાફ્ટ કેરિયર આઈએનસ વિરાટ ઉપર પણ નજર રાખી ચૂક્યા છે. નેવલવોર કોલેજ અમેરિકામાંથી ગ્રેજ્યુએટ થયેલા જોશી જુદા જુદા ક્ષેત્રોમાં કુશળતા ધરાવે છે. મુંબઈ અને નવી દિલ્હીમાં પણ તેઓ શિક્ષણ મેળવી ચુક્યા છે. તેઓ એવા સમયે નૌકા સેનાના વડા તરીકે જવાબદારી સંભાળવા જઈ રહ્યા છે જ્યારે આગામી ૧૫ વર્ષમાં ૩૦૦૦૦૦ કરોડની કિંમતના સુચીત સંરક્ષણ પ્રોજેક્ટો તૈયાર કરવામાં આવ્યા છે.

Hello ફ્રેન્ડસ! (પાના નં. ૪ નું ચાલુ)

પણ ટુ પીસ બિકીનીની ખરી ચર્ચા શરૂ થઈ કુર્બાનીની જિન્નત અમાનથી. કુર્બાનીની સફળતામાં એનાં ગીતો જેટલું જ મહત્વ જિન્નતની બિકીનીનું હતું!! એ પછી તો હીરોઈનો અત્યંત બોલ્ડ થવાં લાગી. વસ્ત્રોમાં પ્રણય ચેષ્ટાનું સ્થાન અંગ પ્રદર્શને લીધું એનાં પહેલાં આવાં વસ્ત્રો પહેરવાનો ઈંજારો માત્ર હેલન અને બિંદુનો જ હતો!! હીરોઈનોને બોલ્ડ કરવામાં પરવીન બૉબીનો એટલો જ મહત્ત્વનો ફાળો છે. નીતુસીંઘની માઈક્રોમીનીથી આકર્ષનારો એક વર્ગ હતો. રેખા એ માત્ર ઈશારા અને વાતોનાં ભાવથી સેક્સ ઉત્પન્ન કરવાનો પ્રયત્ન કર્યો. રેખાની માફક અદાઓ, સાડીની સ્ટાઈલ, પંજાબી અને સ્કર્ટની સ્ટાઈલથી રેખા અલગ તરી આવી તે ત્યાં સુધી કે પરણીય અમિતાભને આકર્ષવામાં કંઈ બાકી રાખ્યું નહીં!!

કરિના, કેટરીના, પ્રિયંકા, કરિશ્મા, પ્રિતી - આ આખી સીરીઝ કપડામાં કંજૂસાઈ કરવાં લાગી તે ત્યાં સુધી કે મલ્લિકા શેરાવત તો હાથરૂમાલ જેટલાં ટૂકડાંનાં કપડાંમાં જ સંતોષ માનવા લાગી!! ઝીરો ફિગર, હીરોઈનો વચ્ચે માંસલ કાયા ધરાવતી વિદ્યા બાલન ભૂલભૂલૈયા, ડર્ટી પિક્ચર અને કહાનીથી અંગ પ્રદર્શનની હરિફાઈ કરતી હીરોઈનો વચ્ચે સાબિત કર્યું કે, સાડીમાં પણ પડદા પર છવાઈ શકાય છે, માદક દેખાવા કપડાં ઉતારવાની જરૂર નથી. માદકપણું તમારી શરીરની ભાષા અને નજરમાં હોવો જોઈએ. રેખા બાદ વિદ્યાએ એવું સાબિત કરી દીધું અને એટલે જ કદાચ કરિના, કેટરીના, દીપિકા, પ્રિયંકા કંઈ અલગ ના લાગતાં એક જ લાગે છે. જયારે વિદ્યા બાલન માત્ર એક સ્વતંત્ર સ્ટાઈલને કારણે એની અલગ ઈમેજ બનાવે છે!! અને એટલે જ બૉલ્ડ અને બ્યુટીફૂલ લાગે છે.

ચૂંટલો :

ફેશનનાં આ નવાં ટ્રેન્ડમાં હીરોઈનો જેવાં ટૂકાં અને અંગ ઉપાંગ દેખાડતાં વસ્ત્રોમાં ટ્રેન્ડ આજની યુવતીઓમાં છવાયો છે. વિશ્વામિત્ર જેવાં અડગ મનવાળાં યુવાનો પણ એમનાં મેનકા જેવા નખરાંથી વિચલીત થાય છે અને સરવાળે યુવાનોમાં મનમાં સૌંદર્યની જગ્યાએ લોલુપતા જાગે છે.

(સંપૂર્ણ)

- hellosanjay108@gmail.com